March 2020, issue no. 4

# Roshni

## Reaching Out to Serve Humanity with New Initiatives

(*મતલબ કે જેટલું શક્ય હોય તેટલા વધુ લોકો સુધી સેવા પહોંચાડવી અને કંઈક નવું કરવાનો પ્રયત્ન કરવો તે આશયથી આ સામાયિકનું નામ રાખવામાં "રોશની" આવ્યું છે.આ દ્વારા ઘણી દૂર સુધી ઉજાસ ફેલાવવાનો પ્રભાતનો નમ્ર પ્રયત્ન છે*)

## સોશિયલ મીડિયામાં પ્રભાત

- **આંતર રાષ્ટ્રીય મહિલા દિવસ**

માર્ચની 8 તારીખ એટલે આંતર રાષ્ટ્રીય મહિલા દિવસ તરીખે ઉજવવામાં આવે છે. આ મહિલા દિવસે ZEE 24 ન્યૂઝે પ્રભાતના શિક્ષક અને પેરેન્ટ જાગૃતિબેન દેસાઈની પ્રેરણાત્મક વાતનો સમાવેશ તેમની ન્યૂઝ ચેનલમાં કર્યો હતો.
યુ ટ્યૂબ પર N.I.D ના સ્ટુડન્ટ શ્રી ગૌતમભાઈ દ્વારા બનાવેલ "કંગના ઔર ઉસકી મા"
www.youtube.com/watch?v=dMOviAfYR9g નો વિડીયો ZEE 24 ન્યૂઝના રીપોર્ટરે જોયો અને તેમને આ સ્ટોરી રસપ્રદ લાગી અને તેમને આંતર રાષ્ટ્રીય મહિલા દિવસના કાર્યક્રમ નારીશક્તિ માટે જાગૃતિબેન, કંગના અને પ્રભાત વિષે રજૂઆત કરી હતી. જેની લિંક છે https://zeenews.india.com/gujarati/videos/nari-shakti-ahmedabad-jagruti-desai-womens-day-86920

- **ડોગ થેરાપી**

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશનમાં સુગર રસના સહયોગથી ડોગ થેરાપીની શરૂઆત કરવામાં આવી છે. જેમાં થેરાપીસ્ટ ડોગ દ્વારા બાળકો સાથે કાર્ય કરવામાં આવે છે. આના ભાગરૂપે પ્રભાતના બાળકો સુગર રસ આઉટ ડોર ગયા હતા અને બાળકોએ જુદા-જુદા પ્રાણીઓ સાથે જ એન્જોય કર્યું હતું જેનો વિડીયો યુ-ટ્યુબ પર અપલોડ  કરવામાં આવેલ છે.
https://www.youtube.com/watch?v=zM8amKBp6-g&t=29s
તે ઉપરાંત પ્રભાતના બાળકો અને સુગર રસ આઉટ ડોરનો બીજો એક વિડીયો અપલોડ કરવામાં આવેલ છે.
https://www.youtube.com/watch?v=8CU4q1lV6O0  આમ પ્રભાત હાલમાં સોશિયલ મીડિયા ઉપર પણ કામગીરી કરી રહ્યું છે અને એક્ટીવીટીની માહિતી પોતાના સબસ્ક્રાઈબર સુધી પહોંચાડે છે. છેલ્લા મહિનામાં યુ-ટ્યુબ ઉપર પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન ચેનલના સબસ્ક્રાઈબરમાં વધારો થયો છે. જે પ્રભાત માટે ખુબ જ ખુશીની વાત છે.

- **રેડીયો નઝરીયા**

લોકડાઉનની પરિસ્થિતિમાં રેડીયો નઝરીયામાંથી ગુલનાઝબેને  પ્રભાતની બાળકઓ સાથેની, પેરેન્ટ્સ સાથેની અને ફીલ્ડમાં પ્રભાતની મદદની કામગીરી વિશે પ્રભાત શિક્ષકનો અને પ્રભાત ઓફિસ ટીમ મેમ્બર દિવ્યાબેનનો ઈન્ટરવ્યૂ લઈ અને લોકોને પ્રભાતની કામગીરી અંગે કાર્યક્રમ દ્વારા ખૂબ જ સુંદર માહિતી આપી.

## હોળી સેલીબ્રેશન

પ્રભાતના દાણીલીમડા અને વટવા સેન્ટરમાં રંગબેરંગી ગુલાલ, મ્યુઝિક, ધાણી અને ખજૂર સાથે ઉત્સાહભેર હોળી-ધુળેટીની ઉજવણી કરવામાં આવી. જેમાં શિક્ષકો, બાળકો અને પેરેન્ટ્સે ભાગ લીધો હતો. બાળકો અને શિક્ષકો એકબીજાને રંગ લગાવી મજા માણી રહ્યા હતા, સાથે મ્યુઝિકે ઉજવણીની મજાને વધારી દીધી હતી. વાતાવરણ એકદમ કલરફુલ બની ગયું હતું. બાળકો ખૂબ જ એન્જોય કરતા હતા.
વટવા સેન્ટરમાં Adept Recruiting Companyમાંથી અર્પિતાબેન, સુકેતુભાઇ અને ટીમ બાળકો સાથે હોળી પર્વની ઉજવણી કરવા આવ્યા હતા. બાળકો સાથે મન મૂકીને હોળી રમ્યા હતા.

March 2020, issue no. 4





## ઈન્ટર્ન અને વોલેન્ટિયર સપોર્ટ

**N.I.D. સ્ટુડન્ટ દ્વારા કાર્ય**



- પ્રભાતના દાણીલીમડા સેન્ટરમાં <u>શ્રુષ્ટિબેન દ્વારા</u> બાળકોને માર્ચ મહિનામાં 3 વાર ક્લેવર્ક કરાવવામાં આવ્યું.

- <u>શેરી નાટકથી સંદેશ</u>

  N.I.D. સંસ્થાના Media Appreciationના કોર્ષના સ્ટુડન્ટ્સ દ્વારા PWD Act 2016માં PWDને શું અધિકાર મળ્યા છે તે અંગે વટવાના અર્શ સ્કૂલ અને તેની આસપાસના એરિયામાં શેરી નાટક દ્વારા અવેરનેસ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં PWD પ્રત્યે સમાજની ફરજો અને PWDને મળતા હકો વિષે ખૂબ જ સરસ રજૂઆત કરી. નાટક જોવા માટે અર્શ સ્કૂલના સ્ટુડન્ટ્સ, શિક્ષક, પ્રભાતના આસપાસ રહેતા બાળકો અને પેરેન્ટ્સ,આસપાસના રહીશો આવ્યા હતા. અને ખૂબ રસ લઈને શેરી નાટક માણતા હતા. આ નાટક જોવા પ્રભાતના શિક્ષકો, શ્રી કેશવસર અને N.I.D.ના ફેકલ્ટી શ્રી ગાયત્રીમેમ પણ હાજર રહ્યા હતા અને સ્ટુડન્ટ્સનો ઉત્સાહ વધાર્યો હતો.





- <u>N.I.D. સ્ટુડન્ટ પલ્લવીબેન દ્વારા પેરેન્ટ્સ વર્કશોપનું આયોજન</u>




  Menstruation and disability પર કાર્ય કરતા પલ્લવીબેને ડીસેબલ દીકરીઓને Menstruation period વખતે પડતી સમસ્યાને ધ્યાન રાખીને ઈનરવેર ડિઝાઈન બનાવી હતી તે દીકરીઓને કઈ રીતે ઉપયોગી થાય તેની સિલાઈ કેવી રીતે થાય અને તેના ઉપયોગ વિશે વર્કશોપમાં ખૂબ જ સરસ માહિતી આપી હતી. અને દરેક પેરેન્ટ્સને મેઝરમેન્ટ લેવું, કટિંગ કરવું, અને સિલાઈકામ સુધીની તમામ પ્રક્રિયાનો  પ્રેક્ટિકલ અનુભવ આપ્યો હતો, અને પેરેન્ટ્સ સાથે વિસ્તૃત ચર્ચા કરી હતી. પલ્લવીબેને આ ડિઝાઈન બનાવવા પહેલા ઘણી-બધી વખત પેરેન્ટ્સ સાથે ચર્ચા કરવી, ડિઝાઈન બનાવવી, તેનો દીકરીઓ સાથે એપ્લાય કરવી, મુશ્કેલી હોય તો ફરીથી ફેરફાર કરવા, આવા ઘણા-બધા પ્રયત્ન પછી ફાઈનલ પ્રોડક્ટ તૈયાર કરીને પેરેન્ટ્સ સાથે વર્કશોપ કર્યો હતો. અને તેમની આ ડિઝાઈનથી પેરેન્ટ્સ સેટિફિકેશન સ્પષ્ટ રીતે જોવા મળતું હતું.

  તેમને વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વેસ્ટ કાપડમાંથી માસ્ક બનાવતા શીખવ્યું હતું.

## સેમીનાર

તા.09-03-2020ના પરિપત્ર મુજબ અમદાવાદ ખાતેની નેશનલ ટ્રસ્ટ એક્ટ હેઠળ અને વિકલાંગ ધારા હેઠળ નોંધાયેલ સંસ્થાઓ માટે સેમીનાર યોજવામાં આવેલ હતો. આ સેમીનાર તા. 12-03-2020ના રોજ વસ્ત્રાપુર અંધજન શાળા ખાતે રાખવામાં આવેલ હતો. જેનો મુખ્ય હેતુ નેશનલ ટ્રસ્ટ એક્ટ હેઠળ ચાલતી વિવિધ યોજનાઓ તથા લાભ તમામ લાભાર્થીઓ સુધી સરળતાથી પહોંચી શકે તે માટેનો હતો. જેનું આયોજન જિલ્લા સમાજ સુરક્ષા કચેરી દ્વારા કરવામાં આવ્યું હતું.જેમાં અમદાવાદની વિવિધ સંસ્થાના પ્રતિનિધીઓએ ભાગ લીધો હતો. પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશનમાંથી આ સેમીનારમાં શ્રી હાર્દિકભાઈએ ભાગ લીધો હતો.
સમાજ સુરક્ષા અધિકારી અને નેશનલ ટ્રસ્ટના અધિકારીઓએ હાજર રહીને જુદા-જુદા ટોપીક પર ચર્ચા કરીને ભાગ લેનાર પ્રતિનિધિઓને જુદા-જુદા ટોપીક વિશે માહિતી આપી હતી. જેમાં સમાજ સુરક્ષાની કામગીરી, સમાજ સુરક્ષા, નિરામય યોજના, શિષ્યવૃતિ, લગ્નસહાય, ઈ-સ્કુટર, આર.ટી.આઈ., પી.જી.પોર્ટલ, સી.એમ.ડેસ્કબોડ, વગેરે વિશે માહિતી આપવામાં આવી હતી.
શ્રી મિહિરભાઈ જાનીએ નેશનલ ટ્રસ્ટ એક્ટ 1999 વિશે, શ્રી ભરતભાઈ જોશીએ માનવ અધિકાર PWD એક્ટ અને UNCRPD એક્ટ વિશે માહિતી આપી હતી. શ્રી ભુષણસર પૂનાની દ્વારા ગાર્ડીયનશીપ વિશે માહિતી આપવામાં આવી આમ આ આખો સેમીનાર માહિતીસભર રહ્યો હતો.



## મુબારક હો



બાર બાર યે દિન આયે,
બાર બાર યે દિલ ગાયે,
તુમ જીઓ હઝારો સાલ, સાલ કે દિન હો હઝાર.
હેપ્પી બર્થ ડે ટુ યુ, હેપ્પી બર્થ ટુ યુ.



તા.04-03-2020
શ્રી કેશવસરને પ્રભાત ટીમની જન્મદિન નિમિતે ખૂબ ખૂબ શુભકામના.
તા. 30-03-2020
શ્રી કેયુરભાઈને જન્મદિવસ નિમિતે પ્રભાત ટીમની ખૂબ ખૂબ શુભેછા.

March 2020, issue no. 4

## કોમ્યુનિટી સપોર્ટ



- શ્રી દક્ષાબેન તરફથી દાણીલીમડા સેન્ટરના બાળકોને જમાડવામાં આવ્યા.
- શ્રી શાંતાબેન વ્યાસ તરફથી દાણીલીમડા સેન્ટરના બાળકોને જમાડવામાં આવ્યા.
- મીનાબેન દ્વારા દાણીલીમડા સેન્ટરના બાળકોને જમાડવામાં આવ્યા.

## K.M. વિઝીટ [કાંતિલાલ મણિલાલ ફિઝિયોથેરાપી]

લક્ષ્મીબેન દ્વારા 4 બાળકોને વિઝીટ કરવા લઇ જવામાં આવ્યા.



## રેલ દિવ્યાંગ સારથી

સમર્ગ દેશમાં પશ્ચિમ રેલવેમાં સૌ પ્રથમ અમદાવાદ વિભાગમાં રેલવેના વિકલાંગ મુસાફરો માટે કન્સેશન પાસ કઢાવવા માટે "રેલ દિવ્યાંગ સારથી" નામની મોબાઈલ એપ લોન્ચ કરવામાં આવી છે. જેના થકી વિકલાંગ મુસાફરોએ હવે ઓનલાઇન અરજી કરવાની રહેશે. તેઓને રેલવે ઓફિસના વારંવાર ધક્કાઓ ખાવામાંથી મુક્તિ મળશે.







## કોરોના વાયરસ



વિશ્વ આરોગ્ય સંસ્થાએ નોવેલ કોરોના વાયરસને PANDEMIC જાહેર કરેલ છે. હાલમાં કોરોના વાયરસના રોગના કેસો વિશ્વના ઘણા બધા દેશોમાં છે અને આ મહામારીને ફેલાતી અટકાવવા દરેક દેશ એક્શન લઇ રહ્યા છે.

ભારતમાં પણ 418 કેસો છે અને 9 મરણ થઇ ચુક્યા છે. ગુજરાત રાજ્યમાં 30 જેટલા કેસો અત્યાર સુધી નોંધાયા છે. પરંતુ સાવચેતીના ભાગરૂપે ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે કે અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશનની વિસ્તારમાં આવેલ તમામ શૈક્ષણિક સંસ્થાઓ જેવી કે શાળા, કોલેજો, ટ્યુશન ક્લાસીસ, આંગણવાડી તેમજ તમામ સ્વીમીંગ પૂલ, સિનેમા હોલ અને મોલને તાત્કાલિક અસરથી બંધ રાખવા માટે હુકમ કરવામાં આવેલ છે.

જેના ભાગરૂપે પ્રભાતના બાળકોને રજા આપવામાં આવેલ છે. પ્રભાત ટીમે યથાવત રીતે કાર્ય ચાલુ રાખેલ છે અને ટીમ મેમ્બરને પણ સલામતી માટે સૅનેટાઇઝર અને માસ્ક આપવામાં આવેલ છે.

- તા. 23-03-2020થી પ્રભાત ટીમને પોતાનું કાર્ય ઘરેથી કરવાનું જણાવીને ટીમને પણ રજા આપવામાં આવી.
- તા. 25-03-2020 એ પુરા ભારત દેશને 21 દિવસ લોકડાઉન કરવાની જાહેરાત થઈ અને રજાઓ 15 એપ્રિલ સુધી ગઈ.
- મહામારીના ફેલાવાની સાથે પ્રભાતે તેની બાળકો અને પરિવાર પ્રત્યેની જવાબદારી પ્રત્યે જાગૃતતા દાખવી અને પ્રભાત ટીમના શિક્ષકોએ પોતપોતાના બાળકોના ત્યાં ફોન કરીને બાળક અને તેના પરિવારના સમાચાર પુછ્યા.
- ફોન ઉપરની વાતચીતમાં દરેક વાલીનો એક જ સુર હતો કે બાળકોને ઘરે નથી ગમતું અને તેઓ સ્કૂલે આવવા માટે જીદ કરે છે.
- પ્રભાત ટીમે ફોન ઉપર બાળકોનું અને જરૂર જણાય ત્યાં પૅરેન્ટ્સનું કાઉન્સીલીંગ કર્યું.
- લોકડાઉનના સમયમાં અનાજની કીટ પૅરેન્ટ્સને અપાવવા માટે કાર્ય કરવામાં આવ્યું અને બાળકોને ત્યાં અનાજની કીટ પહોંચાડવામાં આવી.
- બાળકો લાંબો સમય ઘરે કંટાળી ના જાય અને પ્રવૃત્તિમાં રહે તે માટે પૅરેન્ટ્સને ઘરની વસ્તુથી બાળકને કઈ રીતે શીખવવું તેનો ફોન પર હોમ-પ્લાન આપવામાં આવ્યો.
- આ પ્લાન ફોલો કરવામાં પૅરેન્ટ્સને મુશ્કેલી પડે તો તે ફોન પર શિક્ષક સાથે વાત કરી શકે તે અંગેની સૂચના આપવામાં આવી.
- તા. 27-03-2020 ના રોજ વટવા સેન્ટરના સ્ટુડન્ટ સાકીબના ત્યાં અનાજની કીટ આપવામાં આવી. ટોટલ 2 બાળકોના ત્યાં કીટ આપવામાં આવી.
- તા. 28-03-2020ના રોજ 7 બાળકોના ત્યાં અનાજની કીટ આપવામાં આવી.
- તા. 28-03-2020ના રોજ પ્રણવસરે નિઃશુલ્ક ટેલિફોનીક મેડીકલ માર્ગદર્શન વિષે માહિતી આપી.
- તા. 28-03-2020 રેડીયો નઝરીયામાંથી સંસ્થાના શિક્ષક જાગૃતિબેનનો "મહામારીના અનુસંધાનમાં પ્રભાતનું કાર્ય" વિષય ઉપર ઈન્ટરવ્યૂ લેવામાં આવ્યો.
- તા. 29-03-2020ના રોજ 28 બાળકોના ત્યાં અનાજની કીટનું વિતરણ કરવામાં આવ્યું.
- તા. 30-03-2020 કિરણભાઈ દ્વારા બીજા એરીયામાં બાળકોને કીટ આપવા સામાજિક આગેવાન સાથે વાતચીત.
- તા. 30-03-2020 કર્મા ફાઉન્ડેશન દ્વારા અનાજની 2 કીટનું ડોનેશન આપવામાં આવ્યું.
- તા. 30-03-2020 રેડીયો નઝરીયા ઉપર પ્રભાત વિશેના કાર્યક્રમનું પ્રસારણ.
- તા. 31-03-2020 પ્રણવસર દ્વારા વૈકલ્પિક શિક્ષણનું પ્લાનિંગ આપવામાં આવ્યું.

ભારતીય જનતા પાર્ટી - કર્ણાવતી મહાનગર - ડોક્ટર સેલ

નિઃશુલ્ક ટેલિફોનિક મેડિકલ માર્ગદર્શન (સમય: સવારે 10 થી 1 અને સાંજે 6 થી 8)

| અનુ. નં. | ડોક્ટરશ્રી નું નામ | સ્પેશિયાલીસ્ટ | સંપર્ક નં |
|---|---|---|---|
| 1 | ડો. અનિલભાઈ પટેલ | ફેમિલી ફિઝીશિયન | ૯૮૨૫૦૪૭૯૭૮ |
| 2 | ડો. કમલેશ રાજગોર | ફેમિલી ફિઝીશિયન | ૯૪૨૬૩૦૫૪૫૪ |
| 3 | ડો. હસમુખ સોની | ફેમિલી ફિઝીશિયન | ૭૦૬૯૨૮૬૩૩૩ |
| 4 | ડો. હરેશ પટેલ | ફેમિલી ફિઝીશિયન | ૯૦૯૯૯૨૦૯૨૧ |
| 5 | ડો. જ્યોતીન્દ્ર મહેતા | ફેમિલી ફિઝીશિયન | ૯૮૨૫૦૩૯૬૫૩ |
| 6 | ડો. વિક્રમ ઉપાધ્યાય | ફેમિલી ફિઝીશિયન | ૯૮૨૫૫૭૮૧૧૯ |
| 7 | ડો. જીગ્નેશ બ્રહ્મભટ્ટ | ફેમિલી ફિઝીશિયન | ૯૮૨૪૫૪૨૧૮૦ |
| 8 | ડો. હેમેન્દ્ર ચાવડા | ફેમિલી ફિઝીશિયન | ૯૮૨૪૨૬૮૨૦૯ |
| 9 | ડો. વિપુલ વડેરા | ફેમિલી ફિઝીશિયન | ૯૮૨૪૧૬૬૯૬૯ |
| 10 | ડો. બિંદેશ દેસાઈ | ફેમિલી ફિઝીશિયન | ૯૮૨૫૯૨૪૭૭૭ |
| 11 | ડો. નયન શેઠ | ફેમિલી ફિઝીશિયન | ૯૨૨૭૭૨૧૪૪૫ |
| 12 | ડો. ધીમંત શાહ | ફેમિલી ફિઝીશિયન | ૯૮૨૫૯૦૯૯૨૨ |
| 13 | ડો. વિકાસ શુક્લ | ફેમિલી ફિઝીશિયન | ૯૮૯૮૬૧૭૫૬૯ |
| 14 | ડો. કિરીટ પટેલ | ફેમિલી ફિઝીશિયન | ૯૨૬૫૩૨૫૬૧૧ |
| 15 | ડો. બ્રિજેશ પટેલ | ફેમિલી ફિઝીશિયન | ૯૮૨૪૦૫૭૬૨૫ |
| 16 | ડો. કિન્નર પટેલ | ફેમિલી ફિઝીશિયન | ૯૪૨૮૫૨૧૦૩૪ |
| 17 | ડો. એસ. કે મહેરૂ | ફેમિલી ફિઝીશિયન | ૯૪૨૬૫૮૦૩૧૫ |
| 18 | ડો. પરેશ પલશાલા | ફેમિલી ફિઝીશિયન | ૯૮૭૯૫૮૩૬૫૧ |
| 19 | ડો. દિનેશ પટેલ | ફેમિલી ફિઝીશિયન | ૯૮૨૫૬૫૪૦૫૭ |
| 20 | ડો. મનોજસિંહ રાજપૂત | ફેમિલી ફિઝીશિયન | ૯૯૯૮૪૧૫૯૦૩ |
| 21 | ડો. એસ. વી. ત્રિપાઠી | ફેમિલી ફિઝીશિયન | ૯૪૨૭૦૨૮૮૩૧ |
| 22 | ડો. હસમુખ વૈદ્ય | ફેમિલી ફિઝીશિયન | ૯૮૨૫૧૯૯૨૫૨ |
| 23 | ડો. મેતલીયા | કન્સલ્ટિંગ ફિજિશિયન (MD) | ૯૮૭૯૨૫૭૮૯૫ |
| 24 | ડો. જ્ઞાનેન્દ્રસિંહ | કન્સલ્ટિંગ ફિજિશિયન (MD) | ૯૮૭૯૫૭૯૦૫૫ |
| 25 | ડો. મયુર બી. શાહ | કન્સલ્ટિંગ ફિજિશિયન (MD) | ૯૮૨૫૫૮૬૬૩૧ |
| 26 | ડો. હિતેશ પટેલ | કન્સલ્ટિંગ ફિજિશિયન (MD) | ૯૮૨૫૦૪૮૬૯૧ |
| 27 | ડો. સુનિલ વાધવાની | કન્સલ્ટિંગ ફિજિશિયન (MD) | ૯૮૨૫૨૫૦૯૫૦ |
| 28 | ડો. સૌરીન ઉપાધ્યાય | કન્સલ્ટિંગ ફિજિશિયન (MD) | ૯૮૨૫૦૧૫૦૯૬ |
| 29 | ડો. ધર્મેન્દ્ર ગજ્જર | ઓર્થોપેડિક ડોક્ટર | ૯૮૨૫૦૧૧૬૧૮ |
| 30 | ડો. પરાગ ટાંક | ઓર્થોપેડિક ડોક્ટર | ૯૧૦૬૬૩૩૨૧૭ |
| 31 | ડો. જીગર શાહ | ઓર્થોપેડિક ડોક્ટર | ૯૮૨૫૩૩૪૭૬૫ |
| 32 | ડો. અરવિંદ ગોસાઈ | સ્પાઇન સર્જન | ૯૮૨૫૫૧૫૬૧૨ |
| 33 | ડો. વિષ્ણુભાઈ પટેલ | સ્કિન સ્પેશિયાલિસ્ટ | ૯૮૨૪૫૪૨૪૦૧ |
| 34 | ડો. પરાગભાઇ ઠાકર | બાળકોના ડોક્ટર | ૯૮૨૫૦૨૯૨૪૨ |
| 35 | ડો. વિપુલભાઈ તુરખીયા | બાળકોના ડોક્ટર | ૯૮૨૫૦૬૮૫૭૪ |
| 36 | ડો. અતુલભાઈ પટેલ | બાળકોના ડોક્ટર | ૯૪૨૬૫૪૩૨૪૦ |
| 37 | ડો. રાકેશ શાહ | બાળકોના ડોક્ટર | ૯૪૨૮૪૧૪૭૮૦ |
| 38 | ડો. અતુલ કંસારા | કાન નાક ગળાના સ્પેશિયાલિસ્ટ (ENT) | ૭૯૮૪૮૧૪૬૩૪ |
| 39 | ડો. શૈલેન મોદી | કાન નાક ગળાના સ્પેશિયાલિસ્ટ (ENT) | ૯૮૨૪૦૪૦૦૪૮ |
| 40 | ડો. કે. જી. ગુપ્તા | કાન નાક ગળાના સ્પેશિયાલિસ્ટ (ENT) | ૯૮૨૫૨૮૨૦૫૫ |
| 41 | ડો. અજય પટેલ | દાંતના ડોક્ટર (DENTIST) | ૯૨૨૭૯૦૦૨૮૮ |

## લોકડાઉનની અસર

**શિક્ષક**

- શિક્ષકોએ ઘરે બેસીને કાર્ય કર્યું. [પ્રોગ્રેસ રિપોર્ટનું]
- અગાઉના વર્ષના ગોલ તૈયાર કરવામાં આવ્યા.
- પૅરેન્ટ્સ સાથે ફોન પર મીટિંગ અને કાઉન્સીલીંગ.
- એકેડેમીક લેવલના બાળકોના અભ્યાસક્રમ અંગે તૈયારી
- બાળકોનું ફોન પર કાઉન્સીલીંગ

- ટેક્નોલોજીનો ઉપયોગ કરીને ઘરેથી પણ બાળકને એક્ટીવ રાખવાનો પ્રયત્ન.

**બાળકો**

લોકડાઉનના કારણે પડેલ રજાના કારણે બાળકોમાં જુદા-જુદા પ્રકારે અસર પડેલ જોવા મળી.

- સેન્ટરમાં આવતા બાળકો- જે બાળકો સેન્ટરમાં નિયમીત આવે છે તેમના માટે સેન્ટર એક આદત બની ગયેલ છે. તેમાં આટલી રજા બાળકો માટે મુશ્કિલ બની છે. કારણ કે રમવા જવું, ફરવા જવું, સગાં-વહાલાને ત્યાં જવું જેવા કોઈ જ વિકલ્પ શક્ય નથી. સ્લમમાં પોલીસ બંદોબસ્ત છે. અને દરેકને ઘરમાં જ રહેવાની ફરજ પાડવાના કારણે ઘરની ચાર દીવાલમાં જ સમય પસાર કરવો બાળક માટે ખૂબ જ મુશ્કેલ બન્યું છે. જેનું પરિણામ ઘરમાં જીદ, તોફાન, ઉદાસી, સુનમુન થઈ જવું, વારંવાર સ્કૂલે જવાની ઈચ્છા બતાવવી. ફોન પરની વાતચીતમાં દરેક પેરેન્ટ્સે આ વાત કહી છે.
- હોમબેઝના બાળકો- હોમબેઝના બાળકો હંમેશા ઘરે જ હોય છે. જેમને આ રજાથી શિક્ષક ના આવી શકે તેટલો ફરક પડ્યો છે. છતાં આ બાળકો માટે આ રજા ખુશી લઈને આવે છે, કારણકે તેમના પપ્પા, દાદા, કાકા જે રાત્રે મોડા ઘરે આવતા હતા તે આખો દિવસ તેમની સાથે છે અને તેમને પુરા દિવસમાં તેમના લાડ-પ્યાર મળે છે.
- સ્કુલ પ્રોગ્રામના બાળકો- આ બાળકોને પણ વિશેષ તકલીફ નથી પડતી કારણકે એકેડેમીક લેવલ હોવાના કારણે તે ગેમ રમી શકે છે. પોતાના ભાઈ-બહેન સાથે રમે છે. ડ્રોઈંગ કે પેઈન્ટિંગ જેવી એક્ટીવીટી પણ કરી શકે છે. આથી ઘરમાં રહેવું તેમના માટે ખાસ અઘરું નથી અને તેઓ પોતાનો સમય સહેલાઈથી પસાર કરી શકે છે.
- અવેરનેસનો અભાવ- કેટલાક પેરેન્ટ્સ સાથે વાતચીત દરમ્યાન જાણવા મળ્યું કે તેમના બાળકો આખો દિવસ બહાર રમે છે. તેમાં ક્યાંય સ્વાસ્થ્યની ચિંતા જોવા મળતી નથી. જે ચિંતાજનક બાબત છે.

**પેરેન્ટ્સ**

આ લોકડાઉનના કારણે છૂટક મજૂરી કરીને ગુજરાન ચલાવનાર પેરેન્ટ્સ આર્થિક મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. આવા જરૂરિયાતવાળા પેરેન્ટ્સને સંસ્થા દ્વારા અનાજની કીટ આપવાનું કામ ચાલુ છે.


## કેટલીક વાતો

કહેવાય છે કે માણસ જયારે કપરા સમયનો સામનો કરે ત્યારે તેની ધીરજ, સહનશીલતા, પડકાર સામે લડત આપવાની ક્ષમતા, સ્થિરતા, અડગતા વગેરે ગુણો બહાર આવે છે. અને તે વખતે જ માણસને પોતાને અને તેને ઓળખનારને વ્યક્તિતત્વનો અહેસાસ થાય છે. કંઈક આવી જ વાત આ લોકડાઉન દરમ્યાન સંસ્થાના એક શિક્ષક કાશ્મીરાબેન વિશે જાણવા અને સમજવા મળી.
કાશ્મીરાબેનનો દીકરો અર્થ કેનેડા અભ્યાસ માટે ગયેલ હતો. કોરોના વાયરસના વધતા જતા ફેલાવાના કારણે તે હાલમાં ભારત પરત ફરેલ છે. અને કાશ્મીરાબેનનું ફેમેલી સાથે જ છે. પરંતુ ભારતમાં પણકોરોનાના કારણે સખત કાયદો અને વ્યવસ્થા હેઠળ અર્થ વિદેશથી આવેલ હોવાના કારણે કાશ્મીરાબેનના પુરા ફેમેલીને હોમ-કોરોન્ટાઈન કરવામાં આવ્યું. જેના કારણે તેમને લગભગ 15 દિવસ ઘરમાં જ રહેવાનું, સતત ડોક્ટરી તપાસ, સતત હેલ્થ વિશે રિપોર્ટિંગ, કાયદાનું પાલન થાય છે કે નહિ તેને માટે વારંવાર ચેકીંગ, આસપાસના લોકોનો દ્રષ્ટિકોણ આ બધી પરિસ્થિતિમાંથી પસાર થવું પડ્યું. જેનો સામનો કરવો ઘણો જ કઠીન કહી શકાય અને આવા સમયે વ્યક્તિનું મનોબળ નબળું પડે પરંતુ કાશ્મીરાબેને ખરેખર તેમના મજબૂત વ્યક્તિત્ત્વનો પરિચય આપ્યો. તેમની ફેમેલીને તો સપોર્ટ કર્યો તે ઉપરાંત ફોન દ્વારા બીજા શિક્ષકોને અને સ્લમમાં વસતા બાળકોને પણ કોન્ટેક્ટ કરીને હિમ્મત આપી અને મદદરૂપ બન્યા.

## રજીસ્ટર્ડ ઓફિસ

- ઓફિસમાં એકાઉન્ટિંગ વર્ષના અંતે ઈન્ટરનલ ઓડિટ હેમાલીબેન દ્વારા કરવામાં આવ્યું. તે દરમ્યાન ફાઈલિંગના કામમાં શૈલેષભાઈને અનિકેતે મદદ કરી હતી.
- ઓફિસમાં ગાર્ડન માટે રાજભાઈએ ઓટોમેટિક ગાર્ડન વોટરિંગ રીમોર્ટ સિસ્ટમ ચાલુ કરેલ છે. જેના દ્વારા દરરોજ સવારે બધા ઝાડ-પાનને પાણી અપાઈ રહ્યું છે. તે સિસ્ટમ રાજભાઈ પોતાના ફોનમાંથી જ સાંભળે છે.
- N.I.D. સ્ટુડન્ટ્સ નંદિતા સહાય અને પલ્લવીએ પ્રભાતના બાળકો માટે જે ડિઝાઈનના મોડેલ બનાવ્યા હતા। તે મોડેલનો N.I.D. ગાંધીનગરના મેગેઝીનમાં સમાવેશ થયો છે.










- લોકડાઉન દરમ્યાન બાળકો જયારે પોતાની સ્કૂલને યાદ કરી રહ્યા હોય અને તે વાતાવરણનો અનુભવ થાય તે માટે સંસ્થાએ "પ્રભાતના સેન્ટરો" કરીને એક વિડીયો તૈયાર કરાવીને યૂ-ટ્યુબ પર અપલોડ કરેલ છે. અને તે વિડીયો સોશિયલ મીડિયાના સબસ્ક્રાઈબર પણ જોઈ શકે. જેની લિંક છે https://www.youtube.com/watch?v=3-80ukAtF8c
- સંસ્થાએ "સુગર રસ એન્ડ આઉટડોર" અને "કી ટુ હેપ્પીનેસ" સાથે તેઓની ઑફિસે મીટીંગ કરેલ હતી. જે મિટિંગમાં કેશવસર, દિવ્યાબેન, હાર્દિકભાઈ, કાશ્મીરાબેન અને ડેનિશબેન હાજર રહ્યા હતા. તે મીટીંગનો હેતુ હતો કે સંસ્થાના કેલેન્ડરને ધ્યાનમાં રાખીને થેરાપી પ્રોગ્રામ કઈ રીતે ચલાવવા અને સંસ્થાની માહિતીને ધ્યાનમાં રાખીને કઈ રીતે પ્લાનિંગ કરવું. કોમ્યુનીટી થેરાપીના હેતુથી આ મીટીંગ પછી સંસ્થામાંથી કેશવસર "કી ટુ હેપ્પીનેસ" અને "સુગર રસ એન્ડ આઉટડોર"ના ટીમ મેમ્બર્સ સાથે ફિલ્ડ અને કોમ્યુનીટીની મુલાકાત માટે ગયા હતા. જ્યાં તેઓ અર્શ સ્કૂલ અને રેન્બો સ્કૂલમાં વિદ્યાર્થીઓને સમજવા અને થેરાપી વિશેની માહિતી આપવા ગયા અને તે મુલાકાતમાં ખૂબ જ સારા અનુભવ રહ્યા હતા.



- પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન સાથે રોબર્ટ અને ડેનિસને 4 મહિના [ઓફિશ્યલી] થયા છે. તેઓ પ્લે-થેરાપી અને ફિઝિયોથેરાપી માટે સંસ્થા સાથે જોડાયેલ છે. તેના ભાગરૂપે રજીસ્ટર્ડ ઓફિસમાં કેશવસર અને દિવ્યાબેન સાથે તેઓની મીટીંગ ગોઠવાઈ હતી. તેઓના સંસ્થા સાથે ભવિષ્યના કામ અંગેની ચર્ચા અને પ્લાનિંગ કરવામાં આવ્યું હતું.





## The hand that gives, receives!

While we stock up, there are people who cannot afford to do that! Most of the communities that Prabhat Education Foundation works with come from these challenging geographical and economic setting. We are striving towards providing for these families. Food kits consisting of rice, pulses, oil, masalas, atta, sugar and other edibles are being provided. Each pack is prepared for Rs. 1000. Distribution of the food kits are being done by community leaders, who have been a strong support in Prabhat's endeavors. On an average one kit lasts for 15 days for a family of four.

**If you would like to donate, there are two ways:**

1) **Direct bank transfer**
   Prabhat Education Foundation
   Bank Name: Bank of India
   IFSC: BKID0002011
   A/C No.: 201121110000001

2) **Online transfer through credit/debit card**
   Details on Prabhat's website: www.prabhateducationfoundation.org

Connect with us at:
www.prabhateducationfoundation.org
https://www.facebook.com/Prabhateducationfoundation/
https://www.instagram.com/prabhat_education_foundation/

Donations to Prabhat are exempted from income-tax under Section 80 (G) Of the Income Tax Act 1961. Prabhat is authorized to receive donations from overseas under the Foreign Contribution (Regulation) Act (FCRA Registration No. 041910406)
Connect with us at:

**PHOTO GALLERY**

**Work from home – Team Prabhat**
























PRABHAT
EDUCATION FOUNDATION

March 2020, issue no. 4




























March 2020, issue no. 4

**Food kit distribution**









































March 2020, issue no. 4

## Learning at home



















PRABHAT
EDUCATION FOUNDATION

March 2020, issue no. 4












PRABHAT
EDUCATION FOUNDATION
AN ALTERNATIVE FOR THOSE WITH SPECIAL NEEDS

**Prabhat Education Foundation**

A-4, Sujal Apartment,
Opp. Satellite Bungalows,
Ramdevnagar
Ahmedabad-380015
**Phone:** +91 - 79 - 4890-3054; Mobile: +91 9825009427
**Email:** prabhat@prabhateducationfoundation.org
**Website:** www.prabhateducationfoundation.org